# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧૧/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ફયુલ સેવીંગ, પોલ્યુશન કન્ટ્રોલ અને હેલ્થ ઇમ્પ્રુવ કરવા સાયકલીંગને અપનાવવું પડશે

## ચેમ્બર દ્વારા 'પોલ્યુશન, પોપ્યુલેશન એન્ડ પેડલીંગ' વિષય ઉપર વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૭:૦૦ કલાકે 'પોલ્યુશન, પોપ્યુલેશન એન્ડ પેડલીગ' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે નેધરલેન્ડથી બાયસિકલ આમ્સ્ટર્ડમના કો–ફાઉન્ડર શ્રી લી ફીલ્ડમન, મેકસીકોના બાયસિકલ મેયર સુશ્રી અરેલી કેરોન, ઇન્ડીયા એન્ડ સાઉથ એશિયા પ્રોગ્રામના સુશ્રી શ્રેયા ગડપલ્લી અને બાયસિકલ ઇન્ડિયા ફાઉન્ડેશનના ડાયરેકટર એન્ડ સીઇઓ ડો. ભૈરવી જોશીએ પર્યાવરણ શુદ્ધીકરણ, સુરક્ષિત ટ્રાન્સપોર્ટેશન, શારીરિક અને માનસિક સ્વસ્થતા એમ એકંદરે લોકોના સારા ભવિષ્ય માટે સાયકલીગના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યુ હતુ. નિષ્ણાંતોએ વિશ્વના અન્ય દેશોમાં તેમજ ભારતમાં કલાયમેટ ચેન્જ અને બેટર ટ્રાન્સપોર્ટેશન માટે સાયકલને ઉપયોગી બનાવવા હેતુ બાયસિકલ મેયરના કોન્સેપ્ટ વિશે પણ માહિતી આપી હતી.

**ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે,** હાલમાં કોરોનાને કારણે લોકડાઉનની સ્થિતિ ચાલી રહી છે પરંતુ આ સ્થિતિમાંથી બહાર પડયા બાદ આપણી બધાની લાઇફ સ્ટાઇલમાં ઘણો બદલાવ આવશે. આ બદલાયેલી લાઇફ સ્ટાઇલની સાથે આપણે પોતાને સુસંગત થવું પડશે.

**સુરતના બાયસિકલ મેયર શ્રી સુનીલ જૈને જણાવ્યુ હતુ કે,** સાયકલીંગને પ્રમોટ કરવા માટે ઇન્ડીયા ફાઉન્ડેશન બની ગયુ છે. જેમાં ભારતના બાયસિકલ મેયર જોડાઇ ગયા છે. જેઓ હવે સ્થાનિક ઓથોરિટીની મદદથી સાયકલને પ્રમોટ કરવા માટે પ્રયાસ કરી રહયાં છે. સુરતમાં હાલ સાયકલ ચલાવનારાઓની સેફટી માટે વિચારવું પડશે. સેફટી જયાં સુધી નહીં આવે ત્યાં સુધી પ્રમોશન નહીં થઇ શકે. સુરતમાં પણ બાઇસિકલ કલ્ચરને પ્રમોટ કરવામાં આવી રહયું છે.

**વલસાડથી ડો. ભૈરવી જોશીએ જણાવ્યુ હતુ કે,** લોકડાઉનને કારણે રસ્તાઓ પરથી વાહનો ગાયબ થઇ જતા વાયુ પ્રદુષણનો સ્તર ઘટી ગયો છે. જો કે, આપણે પર્યાવરણની શુદ્ધતા માટે ગંભીર રીતે વિચાર કરવો પડશે. અત્યારના માહોલમાં કોવિડના ચેપથી બચવા માટે સોશિયલ ડિસ્ટન્સીગ ખૂબ જ જરૂરી છે. પરંતુ લોકડાઉન બાદ ફિઝીકલી અને મેન્ટલી હેલ્થ સારી રાખવી હશે તો સાયકલીંગ વધારે હિતાવહ રહેશે. દેશમાં ઘણા શહેરોએ ટ્રાન્સપોર્ટેશન માટે સાયકલીંગને અપનાવી પણ લીધું છે. બાઇક શેરીંગ સિસ્ટમમાં પણ વધારો થઇ રહયો છે.

તેમણે સાયકલીંગના સામાન્ય લાભો વિશે જણાવ્યુ હતુ કે, સાયકલીંગને કારણે હૃદયરોગના હુમલાની શકયતા નહીવત થઇ જાય છે. ડાયાબિટીસ અને ઓબેસિટીને કન્ટ્રોલ કરવા સાયકલીંગ સૌથી સારી કસરત છે. ટ્રાન્સપોર્ટેશન માટે સાયકલ સૌથી વધુ સસ્તુ અને ઉત્તમ વ્હીકલ છે. એક અંદાજ મુજબ સાયકલના ઉપયોગથી પેટ્રોલ ૧૭ ટકા અને ડિઝલ ૨૬ ટકા રિડયુસ થાય છે. દેશના ૯૧ જેટલા શહેરોમાં એર પોલ્યુશનની સમસ્યા છે, જેનું બેસ્ટ સોલ્યુશન સાયકલીંગ છે. સાયકલીંગ મોર સસ્ટેનેબલ છે, જેનાથી એમ્પ્લોઇ પણ ક્રિએટેબલ થાય છે. સાયકલીંગને કારણે ઇન્ડીવિઝયુલ તો ખરા જ પણ સોશિયલ, એન્વાયરમેન્ટ એન્ડ ઇકોનોમિકલી બેનીફીટ થાય છે.

બાયસિકલ મેયરની ભૂમિકા વિશે ડો. જોશીએ જણાવ્યુ હતુ કે, વિશ્વને બાયસિકલ ફ્રેન્ડલી બનાવવા માટે ૧૦૦૦ જેટલા બાયસિકલ મેયર વિશ્વભરમાં કામ કરી રહયાં છે. ભારતના વિવિધ શહેરોમાં ૪૫ બાયસિકલ મેયર બેટર એન્ડ કલીનર ટ્રાન્સપોર્ટેશન માટે જે તે શહેરના સ્થાનિક તંત્ર સાથે વાર્તા કરીને લોકો કાર અને મોટરસાયકલને બદલે સાયકલનો કંઇ રીતે ઉપયોગ કરી શકે તેના માટે પ્રયાસ કરી રહયાં છે. જેના ભાગરૂપે ફયુલ સેવીગ, પોલ્યુશન કન્ટ્રોલ અને હેલ્થ ઇમ્પ્રુવ માટે સરકારે બાઇક શેરીંગ અને સાયકલીંગ સિસ્ટમને અપનાવવાનું શરૂ પણ કર્યુ છે.

**નેધરલેન્ડથી શ્રી લી ફિલ્ડમેને જણાવ્યુ હતુ કે,** કપડાની મેન્યુફેકચરીંગ સિસ્ટમ સૌથી વધારે કાર્બન પ્રોડયુસિંગનું પણ કામ કરે છે. બીજી તરફ કાર અને મોટરસાયકલના ઉપયોગને કારણે હવા પ્રદુષિત થાય છે. પર્યાવરણને શુદ્ધ રાખવા માટે સાયકલીંગ સિમ્પલ સોલ્યુશન છે. પણ એના માટે આખા વિશ્વએ એક થવાની જરૂર છે. વન પ્લેનેટ થીન્કીગ ઉપર કામ કરવાની જરૂરિયાત છે. આના માટે બાયસિકલ મેયર દરેક શહેરમાં આખી સિસ્ટમને બદલવા માટે સાયકલીંગના બેનીફીટની વાત કરી રહયાં છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, જે સાયકલનો ઉપયોગ કરે છે તે પોતાની ઉંમર કરતા દસ વર્ષ વધારે યંગ દેખાય છે. મારા મતે દરેકે ૩ માઇલ રોજ સાયકલ ચલાવવી જોઇએ. એક કારની જગ્યાએ તમે વીસ સાયકલ પાર્ક કરી શકો છો. આથી રોડ પર પાર્કીગની સમસ્યા પણ દૂર થઇ જશે. કલાયમેટ ચેન્જ માટે વિશ્વ કક્ષાએ હકારાત્મક બદલાવ લાવીશું તો જ સાયકલ ટ્રાન્સફોર્મ સિટી બન્યા બાદ આખું વિશ્વ બદલાઇ શકશે.

**મેકિસકોથી સુશ્રી અરેલી કેરોનાએ પોતાના અનુભવને વર્ણવ્યો હતો.** તેમણે જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૧૭માં તેમના શહેર મેક્સિકોમાં આવેલા ધરતીકંપે બધાની આંખ ઉઘાડી દીધી હતી. ધરતીકંપને કારણે બધી વ્યવસ્થા ઠપ્પ થઇ ગઇ હતી. પબ્લીક ટ્રાન્સપોર્ટેશન પૂર્ણપણે કોલેપ્સ થઇ ગયુ હતુ. એટલી હદે ખાનાખરાબી સર્જાઇ હતી કે લોકો એકબીજાની મદદ માટે પણ પહોંચી શકતા ન હતા. તે સમયે એક હજાર જેટલી યુવતિઓ અને યુવકો સાયકલ ઉપર લોકોની મદદે આવ્યા હતા. તેઓએ સાયકલ ઉપર લોકોને ફૂડ અને મેડીસીન પહોંચાડવાનું કામ કર્યુ હતુ.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, શહેરમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ આસાનીથી પહોંચવા માટે સાયકલ સિવાય બીજું કશું ઉત્તમ નથી તે બાબત શહેરીજનોના મગજમાં ઘર કરી ગઇ હતી. સાયકલ એવુ વ્હીકલ છે કે દરેક જગ્યાએ જઇ શકે છે અને કોઇપણ રસ્તા પરથી તેમજ ગમે ત્યાંથી પસાર થઇ શકાય છે. આ ઘટના બાદ મોટાભાગના લોકોએ સાયકલીંગને પોતાની લાઇફ સ્ટાઇલ બનાવી લીધી છે. મોબીલિટી માટે નવી સિસ્ટમ ક્રિએટ કરવામાં જ સમજદારી છે.

**સુશ્રી શ્રેયા ગડપલ્લીએ જણાવ્યુ હતુ કે,** શહેરોને મોટાભાગે ઓટોમોબાઇઝ વ્હીકલ સિટી બનાવવા માટે વિચારવામાં આવે છે. જેને કારણે શહેરોમાં ટ્રાફિકની સમસ્યા ઉદ્ભવતી હોવાનું દેખાઇ આવે છે. કોવિડ પહેલાં લોકો પાસે પરિવાર માટે જરાય સમય ન હતો. રસ્તાઓ ઉપર માત્ર વાહનો જ દેખાતા હતા. રસ્તા ઉપર ફિઝીકલી ચેલેન્જવાળા લોકોને પણ ચાલવા માટે જગ્યા ન હતી. ચેન્નાઇ, બેંગ્લોર, રાંચી અને પૂણેમાં ટ્રાફિક કન્ડીશનને જોઇને તેમની સંસ્થા દ્વારા અર્બન ડિઝાઇનીંગમાં ફેરબદલ કરીને સાયકલ સેન્ટ્રીક અને લોકોને ચાલવા માટેની સિટી બનાવવામાં આવી હતી. લોકો ટ્રાન્સપોર્ટેશન માટે સિટી બસનો ઉપયોગ કરશે તો બાળકો પણ પાર્કમાં સુરક્ષિત રમી શકશે તેમજ લોકો સાયકલ ઉપર સુરક્ષિત અવરજવર કરી શકશે.

તેમણે આંકડા અને તારણો રજૂ કરતા જણાવ્યુ હતુ કે, ચેન્નાઇમાં હવે ૧૯ ટકા લોકો સાયકલનો ઉપયોગ કરી રહયાં છે. અન્ય લોકો પબ્લીક ટ્રાન્સપોર્ટેશન તેમજ વોકીંગ કરતા જાય છે. જયારે ૨૨ ટકા લોકો પર્સનલ કાર અને મોટરસાયકલનો ઉપયોગ કરી રહયાં છે. બાળકોને રમવા માટે સ્ટ્રીટ્સ બચ્યા જ ન હતા. એટલે ચેન્નાઇમાં બાળકોએ સ્ટ્રીટ ઉપર પેઇન્ટીગ કરી પોલીસને પણ સાથે જોડી હતી. આથી ચેન્નાઇએ થોડા દિવસો પહેલાં જ મેગા સ્ટ્રીટ પ્રોજેકટ એનાઉન્સ કર્યો છે. મોટર વ્હીકલ નહીં પણ હવે સાયકલ જ આપણું ભવિષ્ય છે. તામિલનાડુ અને મહારાષ્ટ્ર વિગેરે રાજયો પણ ટ્રાન્સપોર્ટેશન માટે સાયકલના ઉપયોગ માટે પોલિસીમાં બદલાવ લાવવાની દિશામાં વિચાર કરી રહયાં છે.

ચેમ્બરના મેનેજિંગ કમિટી સભ્ય તેમજ સુરતના બાયસિકલ મેયર શ્રી સુનીલ જૈને કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. આ વેબીનારમાં દેશભરમાંથી ૧૯૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો અને તેઓનો ખૂબ જ સારો પ્રતિભાવ જોવા મળ્યો હતો. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.